ગાંધીનગરના ૫૭માં જન્મદિને સૌ નગરજનોને શુભકામનાઓ...

# ગાંધીનગર સમાચાર

પ્રણામ ગાંધીનગર... સલામ ગાંધીનગર...

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪૩ | ૨ ઓગસ્ટ, ૨૦૨૧, સોમવાર; અષાઢ વદ - ૯ | પાનાં - ૨૪ કિંમત રૂ. ૨.૦૦

# ઓલિમ્પિકમાં પીવી સિંધુને બ્રોન્ઝ મેડલ

**પીવી સિંધુએ ઈતિહાસ રચ્યો : પીવી સિંધુએ બ્રોન્ઝ મેડલ મુકાબલામાં ચીનની બિંગ જિયાઓને ૫૨ મિનિટમાં સીધી ગેમમાં ૨-૦થી હરાવી**



ટોક્યો, તા.૧

ભારતની મહિલા સ્ટાર બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુએ ઈતિહાસ રચી દીધો છે. તેણે ટોક્યો ઓલિમ્પિકમાં ચીનની બિંગજિયાઓને હરાવી બ્રોન્ઝ મેડલ કબજે કર્યો છે. સિંધુ ઓલિમ્પિકના ઈતિહાસમાં બે મેડલ જીતનારી પ્રથમ મહિલા ખેલાડી બની ગઈ છે. સિંધુએ રિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો. સિંધુએ બ્રોન્ઝ મેડલ મેચમાં ચીનની ખેલાડી ઉપર ૨૧-૧૩ અને ૨૧-૧૫થી જીત મેળવી છે.

સિંધુએ બ્રોન્ઝ મેડલ મુકાબલામાં કમાલનું પ્રદર્શન કરતા ચીનની બિંગ જિયાઓને ૫૨ મિનિટમાં સીધી ગેમમાં ૨-૦થી હરાવી. તેણે પ્રથમ ગેમ ૨૧-૧૩થી જીત મેળવી તો બીજી ગેમ ૨૧-૧૫થી પોતાના નામે કરી ઈતિહાસ રચ્યો હતો. તેને સેમિફાઈનલમાં તાઈ ઝૂ યિંગ સામે હાર મળી હતી અને તે પોતાના મેડલને અપગ્રેટ કરતા ચુકી ગઈ હતી. પરંતુ તેણે બ્રોન્ઝ મેડલ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. પીવી સિંધુએ બીજી ગેમમાં ૨૧-૧૫થી જીત મેળવી હતી.

પીવી સિંધુએ આક્રમક શરૂઆત કરી હતી. તેણે પ્રથમ

## રસોઈ ગેસ સિલિન્ડર રૂ. ૭૩.૫ મોંઘું થતાં બજેટ ખોરવાયું

**જુલાઇમાં ઓઇલ કંપનીઓએ ઘરેલૂ રસોઇ ગેસ સિલિન્ડરના ભાવ ૨૫.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો**

નવી દિલ્હી,તા.૧

ઓગસ્ટ મહિનાના પહેલાં દિવસથી જ લોકોને મોંઘવારીનો વધુ એક આંચકો લાગ્યો છે. જોકે સરકારી ઓઈલ કંપનીએ એક ઓગસ્ટથી એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતોમાં જોરદાર વધારો કર્યો છે. ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનએ ૧૯ કેજી કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૭૩.૫ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં ૧૯ કિગ્રા કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ૧,૫૦૦ રૂપિયાથી વધારીને ૧૬૨૩ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઇ ગયો છે. જોકે ઘરેલૂ ઉપયોગવાળા ૧૪.૨ કિગ્રા સબસિડી વિનાના રસોઇ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. આ મુજબ દિલ્હીમાં ૧૪.૨ કિગ્રા સબસિડી વિનાના રસોઇ ગેસ સિલિન્ડરની કિંમત ૮૩૪.૫૦ રૂપિયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જુલાઇમાં ઓઇલ કંપનીઓએ ઘરેલૂ રસોઇ હેસ સિલિન્ડરના ભાવ ૨૫.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ હવે દિલ્હીમાં સબસિડી વિનાના ૧૪.૨ કિગ્રા સિલિન્ડરના ભાવ ફેરફાર કર્યા વિના ૮૩૪.૫૦ રૂપિયા, કલકત્તામાં ૮૬૧ રૂપિયા, મુંબઈમાં ૮૩૪.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૮૫૦.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર છે. સરકારી ઓઈલ કંપનીઓએ ૧૯ કેજી કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. તેના



હેઠળ સૌથી વધુ ચેન્નઈમાં ૭૩.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો વધારો થયો છે. તો બીજી તરફ દિલ્હીમાં ૧૯ કિગ્રા કોમર્શિયલ ગેસની કિંમત ૭૩ રૂપિયા વધારીને ૧૬૨૩ રૂપિયા થઇ ગઇ છે. કલકત્તામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૭૨.૫૦ રૂપિયા વધારીને ૧૬૨૯ રૂપિયા, મુંબઈમાં ૭૨.૫૦ રૂપિયા વધારીને ૧૫૭૯.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૭૩.૫૦ રૂપિયા વધારીને ૧૭૬૧ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગયો છે.

## એટીએમ ટ્રાન્ઝેક્શન હવે મોંઘા પડશે

**બેંક એટીએમ પર ઈન્ટરચેન્જ ચાર્જમાં રૂપિયા બેનો વધારો કરી શકશે : પહેલી ઓગસ્ટથી બદલાઈ રહેલા નવા નિયમોથી તમારા ખિસ્સા પર મોટી અસર થશે, કેટલીક બાબતે રાહત મળશે, કેટલીક વાતમાં વધુ ખર્ચવા પડશે**

નવી દિલ્હી,તા.૧

આજથી નવો મહિનો શરુ થઈ રહ્યો છે. આ નવા મહિનાની સાથે જ કેટલાક નવા ફેરફાર પણ થઈ રહ્યા છે. આજે પહેલી ઓગસ્ટથી દેશભરમાં અનેક અગત્યના ફેરફાર થઈ રહ્યા છે કે નવા નિયમ લાગુ થઈ રહ્યા છે જેની સામાન્ય જનતાથી લઈને ખાસ લોકો, સૌની ઉપર અસર પડશે. તેમાંથી કેટલાક નિયમોથી તમને ફાયદો થશે અને કેટલાક તમારા ખિસ્સા પર ભારણ વધારશે. ભારતીય રિઝર્વ બેંકના આદેશ બાદ પહેલી ઓગસ્ટથી બેંક એટીએમ પર ઈન્ટરચેન્જ ચાર્જમાં ૨ રુપિયાનો વધારો કરી શકશે. જૂનમાં રિઝર્વ બેંકે ઈન્ટરચેન્જ ચાર્જ દરેક નાણાકીય લેવડદેવડ માટે ૧૫ રુપિયાથી વધારીને ૧૭ રુપિયા અને બિનનાણાકીય લેવડદેવડ માટે ૫ રુપિયાથી વધારીને ૬ રુપિયા કરવાની મંજૂરી આપી હતી. ઈન્ટરચેન્જ ફી બેંકો તરફથી કે ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડ તરફથી પેમેન્ટ પ્રોસેસ કરનારા મર્ચન્ટથી લેવાતી રકમ છે. નવા નિયમો મુજબ ગ્રાહક પોતાની બેંકના એટીએમથી દર મહિને પાંચ ફ્રી ટ્રાન્ઝેક્શન કરી શકશે. ગ્રાહક બીજી બેંકના એટીએમનો ઉપયોગ કરે તો તેને મેટ્રો સિટીમાં ૩ અને નોન મેટ્રો સિટીમાં પાંચ ફ્રી ટ્રાન્ઝેક્શન મળી શકશે.

## ભારતે યુએનના પરિષદ અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો

યુએન,તા.૧

દુનિયાની સૌથી શક્તિશાળી સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અધ્યક્ષ તરીકે ભારતની તાજપોશીથી પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયુ છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે શનિવારે આશા વ્યક્ત કરી છે કે ભારત પોતાના કાર્યકાળ દરમિયાન નિષ્પક્ષ થઈને કામ કરશે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયના પ્રવકતા જાહિદ હાફિઝ ચૌધરીએ કહ્યુ કે અમને આશા છે કે ભારત પોતાના કાર્યકાળ દરમિયાન પ્રાસંગિક નિયમો અને માનકોનુ પાલન કરશે.

ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો અસ્થાયી સદસ્ય છે અને બે વર્ષનો કાર્યકાળ છે. ભારતે રવિવારથી ૧૫ સદસ્યીય સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળી લીધો છે. ભારતનો કાર્યકાળ એક મહિના સુધી ચાલશે. સુરક્ષા પરિષદની અધ્યક્ષતા દર મહિને અંગ્રેજીના વર્ણમાલાના આધાર પર બદલતી રહે છે. ભારત ૧ જાન્યુઆરી ૨૦૨૧એ સુરક્ષા પરિષદનો સદસ્ય બન્યો હતો અને તેને પોતાના કાર્યકાળ દરમિયાન બે વાર અધ્યક્ષ બનવાનો અવસર મળશે.

## જમ્મુ-કાશ્મીરમાં પથ્થરમારો કરનારાને સરકારી નોકરી નહીં

શ્રીનગર, તા.૧

જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો સમાપ્ત થયો તેને ૨ વર્ષ પૂરા થવાના છે. રાજ્યનો વિશેષ દરજ્જો ખતમ થયા પછી અહીં શાંતિ છે. ઘણી વખત ઉપદ્રવીઓએ હિંસા ભડકાવાનો પ્રયાસ કર્યો પણ કડક સુરક્ષાના પગલે તેઓના પ્રયાસ નિષ્ફળ રહ્યા. હવે જમ્મુ-કાશ્મીરમાં આવા ઉપદ્રવીઓ વિરુદ્ધ કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. આવા લોકોને સરકારી નોકરી નહીં મળે અને પાસપોર્ટ પણ નહીં મળે. જમ્મુ-કાશ્મીરમાં પથ્થરમારો કરનારાને દેશદ્રોહી જાહેર કરવામાં આવશે. આવા લોકોને જમ્મુ-કાશ્મીર સરકાર કોઈપણ સરકારી નોકરીની તક નહીં આપે. જો આ લોકો પાસપોર્ટ માટે અરજી કરે છે તો તેઓને પાસપોર્ટ પણ નહીં આપવામાં આવે.

મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે પથ્થરમારો કરનારા અને રાજ્ય તેમજ રાષ્ટ્રની સુરક્ષા માટે ખતરો પેદા કરતી ગતિવિધિઓમાં સામેલ લોકોનો પાસપોર્ટ પણ બનાવવામાં નહીં આવે. તેઓને વિદેશ જવાની તક પણ નહીં મળે.

## મોદી ડિજિટલ પેમેન્ટ માટે e-RUPIની શરુઆત કરશે

નવી દિલ્હી,તા.૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી-ઈઁ નો પ્રારંભ કરશે. જે વ્યક્તિ અને ઉદ્દેશ વિશિષ્ટ ડિજિટલ ચૂકવણી ઉકેલ છે.પ્રધાનમંત્રીએ હંમેશા ડિજિટલ પહેલને સમર્થન આપ્યું છે. વર્ષોના સમયગાળામાં, લક્ષિત લોકો સુધી અને કોઈપણ ખામી કે ઉણપ વગર, સરકાર અને લાભાર્થી વચ્ચે મર્યાદિત સ્પર્શ પોઇન્ટ્સ સાથે લાભો પહોંચી શકે તે સુનિશ્ચિત કરવા માટે સંખ્યાબંધ કાર્યક્રમોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઈલેક્ટ્રોનિક વાઉચરની વિભાવના સુશાસનની દૂરંદેશીને આગળ લઈ જાય છે.

## યુપીમાં વિપક્ષ ૨૦૨૨માં કારમી હાર માટે તૈયાર રહે : શાહ

**કેન્દ્રીય ગૃહપ્રધાને લખનૌમાં વિવિધ કાર્યોના શિલાન્યાસ કર્યા : ભાજપે ચાર વર્ષના કાર્યકાળ દરમ્યાન રાજ્યમાં કાયદાનું શાસન સ્થાપિત કર્યું**

લખનૌ,તા.૧

કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે લખનૌમાં ફોરેન્સિક સાયન્સ સંસ્થાના શિલાન્યાસ કાર્યક્રમમાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ભાજપે ચાર વર્ષના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં કાયદાનું શાસન સ્થાપિત કર્યું છે. રાજ્યને વિકાસના માર્ગપર લાવવા માટે કામ કરવામાં આવ્યું છે. ૨૦૧૭માં રાજ્યમાં ભાજપની સરકાર સત્તા પર આવી તે પહેલા લોકો પશ્ચિમ યુપીથી સ્થળાંતર કરી રહ્યા હતા. રાજ્ય હુલ્લડગ્રસ્ત હતું, પરંતુ ચાર વર્ષના શાસન પછી, ઉત્તર પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાનું શાસન સ્થાપિત થયું છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે અમે વચન આપ્યું હતું કે જ્યારે અમારી સરકાર આવશે ત્યારે અમે કાયદાનું શાસન સ્થાપિત કરીશું. રાજ્ય સરકારે આ દિશામાં સફળતા મેળવી છે.

વિપક્ષના નેતાઓ પર નિશાન સાધતા ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે યુપીમાં ચૂંટણી આવતા જ નેતાઓ ઘરની બહાર આવે છે અને વકતૃત્વ કરે છે. આ નેતાઓ કોરોના દરમિયાન મુશ્કેલીઓ સામે લડી રહેલા લોકોને મદદ કરતા નથી. તેઓ ખેડૂતોની મુશ્કેલીઓમાં કામ કરતા નથી, પરંતુ ચૂંટણી આવતા જ તેઓ વકતૃત્વમાં સામેલ થઈ જાય છે.

VISHESH
Changing Children's Lives...



EDUCATION CENTER
FOR SPECIALLY CHALLENGED CHILDREN

ગાંધીનગરના ૫૭માં સ્થાપના દિને મનોદિવ્યાંગ બાળકોને પદ્ધતિસરની તાલીમ અને કેળવણી આપી તેમને મુખ્યધારામાં જોડવા સતત કાર્યશીલ સંસ્થા 'વિશેષ થેરાપી સેન્ટર'ની સંચાલક સંસ્થા

જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન

તરફથી ચેરમેન અનુપ બી. પરીખ તથા ટ્રસ્ટીગણ અને 'વિશેષ'ના તમામ સ્ટાફ મિત્રો દ્વારા શુભેચ્છાઓ...

VISHESH THERAPY CENTRE

VISHESH Changing Children's Lives...
M. : 7574010008 Website : www.visheshschool.org
EDUCATION CENTER FOR SPECIALLY CHALLENGED CHILDREN
Add. : Plot No. 307, Sector - 1/C, Gandhinagar

